# श्री हरिभद्रसूरिविरचित समसंस्कृतप्राकृत 'जिनसाधारणस्तवन'नो आस्वाद

पारुल मांकड

'भवविरहांक' याकिनीसूनु श्रीहरिभद्राचार्यनी उपर्युक्त रचना मुनि श्री विजयशीलचन्द्रसूरिजीए ('अनुसंधान'-अंक-८, १९९७)मां संपादित करी छे. अत्रे एनुं रसदर्शन प्रस्तुत छे.

प्रस्तुत अष्टकमां तीर्थंकरसाधारणनी समग्रभावे स्तुति करवामां आवी छे एटले भगवद् विषयक रतिभाव प्रधान छे अने रूपकादि अलंकारो तेनो पुरस्कार करे छे. अंतिम पद्यमां भव-संसारथी विरह एटले के मोक्षनी याचना करी होवाथी शमरूपी भावनो उदय सिद्ध थयो छे. तीर्थंकर भगवंतोना गुणानुवाद संस्कृत अने प्राकृत बन्ने भाषामां परंतु 'भाषासम'[१] अलंकारनी सहायथी करवामां आव्या छे. 'भाषासम' अलंकारमां भाषा विविध होय अने शब्द एक सरखा होय.[२] अहीं जेम के, संस्कृत अने प्राकृत बन्ने भाषामां स्तवननी रचना थइ छे, परंतु शब्दो बन्ने भाषाने समान रीते स्पर्शे तेवा ज = एक ज सरखा छे. अनेक भाषामां एक ज प्रकारना शब्दो द्वारा अभिव्यक्ति करवी ते जहोमत मागी ले तेवुं कार्य छे. आचार्य हरिभद्रसूरि तेमां सफळ रह्या छे. प्रस्तुत पद्यरचनानो हेतु जिनेश्वरनी प्रसन्नता अने तेओ सुखहेतु बनो ए ज छे. (जुओ अंतिमपद्य)

---

१. विश्वनाथने आ अलंकारना उद्भावक आचार्य कही शकाय. रुद्रट जो के भाषाश्लेष नामे आवा स्वरूपनो निर्देश करे छे खरा. (काव्यालंकार ४/१०) विश्वनाथे भाषाश्लेष तो स्वीकार्यो छे छतां 'भाषासम'ना नवा स्वरूपनो पण तेमणे आविष्कार कर्यो छे. भोजे सीधी रीते 'भाषासम' अलंकारनो निर्देश कर्यो नथी, परंतु जाति नामना शब्दालंकारना पेटाभेदनी अंदर 'साधारणी' जातिमां संस्कृत, प्राकृत बन्नेनां साधारण प्रयोगना निर्देशवाळुं उदाहरण आप्युं छे. (स.कं. पृ. ३८८) उपरांत पृ. २२६/२७ पर भाषाश्लेषनुं उदा. पण आप्युं छे. परंतु भाषासममां श्लेष अनिवार्य नथी. उपर्युक्त स्तोत्रमां तो 'भाषासम' अलंकार ज रहेलो छे.

२. शब्दैरेकविधैरेव भाषासु विविधास्वपि ।
वाक्यं यत्र भवेत्सोऽयं भाषासम इतीष्यते ॥
(साहित्यदर्पण १०/१०)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अङ्गुलिदलाभिरामं० - - - - -

वगेरे प्रथम पद्यमां सांग रूपक छे. भगवानना चरणरूपी कमळ अंगुलिरूपी पांखडीओथी सुंदर छे अने सुरनरना समूहरूपी भ्रमरोथी युक्त छे. (शब्दार्थ – देवताओ (रूपी भ्रमरो) चरणवंदना करे छे) संसारना भयनुं हरण करनार छे. आवां श्रीचरणोने कवि नमन करे छे. अहीं प्रथम त्रण चरणमां 'चरणकमळ' ए रूपकने अंगरूप अंगुलिरूपी पांखडीओ एम कही पूर्ण रूपक रच्युं छे. वळी सामान्य कमळ संसारना भयनुं हरण करी शकतुं नथी, ज्यारे भगवानना चरणकमळ विशिष्ट छे कारण के एनो आश्रय लेवाथी घोर संसारनो भय टळे छे. अहीं व्यतिरेकने व्यंजित थयेलो अनुभवी शकाय छे.

द्वितीय पद्यमां पण रूपक छे अने जिनेश्वरने संबोधनो छे. जेम के, कामनाओरूपी हाथीना कुंभस्थळनुं विदारण करनार, भवरूपी दवाग्निने माटे मेघ, विमलगुणना धामरूप वगेरे . कामनाओरूपी हाथीना कुंभस्थळनुं विदारण करनार एमां 'सिंह' रूप उपमान गम्य छे. अंते अशोकनां पांदडा जेवा (रक्त) वर्णना हाथ अने चरणवाळा – एमां उपमा छे. आम उपमा अने रूपकनी मनोहर संसृष्टि रचाइ छे.

तृतीय पद्यमां पुनः संबोधनो छे अने तेमां मनोरम रूपक अलंकारनी रचना कविए करी छे, जे निर्वेद अने शम, दम वगेरे भावोने पुरस्कृत करे छे. मायारूपी धूळने माटे पवनरूप, भव-संसाररूपी वृक्षने माटे हाथीरूप, मरण तथा जरारूपी रोगनुं निवारण करनार तथा मोहरूपी महामल्लना बळनुं हरण करनारा – एमां मरण अने जरारूपी रोगनुं हरण करनार वैद्य - एम वैद्य उपमान गम्य छे. वळी अहीं एक जिनेश्वरनुं अनेकरूपे ग्रहण थयुं छे (अलबत्त रूपकनी सहायथी) एटले उल्लेखालंकार पण गम्य छे.

भावोरूपी शत्रुना रूपमां रहेला हरणने माटे श्रेष्ठ सिंहरूप, संसाररूपी महान समुद्रने तरवा माटे नौकारूप, दोषोथी भरेला अंधकारने त्रास पमाडनार सूर्यमंडल जेवा, गुणोना समूहरूप (गुणरूपी) मणिना करंडिया – आ रीते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चतुर्थपद्यमां संबोधनो रची रूपकालंकारनी चमत्कृति कविए सहज रीते साधी छे. 'भावारिहरिण' एमां परंपरित रूपक छे. अहीं पण उल्लेख गम्य छे. तरण्ड अने करण्डनो अंत्यानुप्रास ध्यानार्ह छे. आ पद्यमां पण संकीर्तननो ज भाव छे.

पंचम पद्यमां स्वर्गना देवो, इन्द्र, किन्नर अने श्रेष्ठ नररूपी भ्रमरोना समूह माटे श्रेष्ठ कमळ, करुणारूपी रसना कुलमंदिर तथा सिद्धिरूपी महानगरीमां निवास करनार एम रूपकाश्रित संबोधनो छे.

छठ्ठा पद्यमां पण संबोधनो छे अने रूपक द्वारा जिनेश्वरना गुणानुवाद करवामां आव्या छे. सुसिद्धांतरूपी कमळ जेमां खिल्युं छे तेवा सरोवरवाळा मेरुपर्वतरूप एमां अने रागरूपी सर्पने माटे गरुडरूप एमां रूपक छे. चिंतामणि रूपी फळमां पण रूपक छे.

सातमा पद्यमां 'शिवजीना हास्य, हार, चन्द्र, हिम, कुन्दपुष्प अने हाँथी (ऐरावत) जेवा श्वेत' एमां भगवानने मालोपमा द्वारा वर्णव्या छे. अने अंतिम पंक्तिमां भवविरहनी कामना करी छे अने कविना 'भवविरहांक'ने वणी लीधो छे.

सप्तममां शमनो भाव चरमकक्षाए पहोंच्यो छे. भगवद्‌विषयक रतिभावथी पद्यनो आरंभ थयो छे अने अंतमां भावनो प्रशम छे. अंते जिनेश्वर सुख एटले के आत्यंतिक सुख, आत्मिक सुखना हेतुरूप बनो एवी भावना सेववामां आवी छे. वच्चे वच्चे दैन्य, निर्वेद, तथा शमना भावोनी शबलता पण जोवा मळे छे. मुख्यत्वे रूपकालंकार छे. कविए खूब ज कुशळतापूर्वक भावध्वनिने अनुरूप अलंकारोनुं निरूपण कर्युं छे. रूपकनो अंत सुधी निर्वाह करवानुं पण क्यारेक टाळ्युं छे. अने रसभावने सानुकूल अलंकार प्रयोग कर्यो छे.

तुलसीदासजीना "श्रीरामचन्द्र कृपाळु भज मन हरणभवभयदारुणम्" ए स्तोत्रना मनोहर पद्योने आनी समांतरे मूकी शकाय, अलबत्त एमां अनुप्रासनुं प्राधान्य होइ रचना गेय बनी छे. हरिभद्रसूरिजीना पद्यो पण जिनभगवंतना स्वरूप सौन्दर्यने वर्णवे छे छतां एमां चिंतनसभर विशेषणो विशेष प्रमाणमां छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हरिभद्रसूरिनी ज एक अन्य कृति 'संसारदावानलस्तुति' पण समसंस्कृत-प्राकृत छे अने तेना पद्य १- संसारदावानलदाहनीरं साथे प्रस्तुत अष्टकनुं पद्य-२ भवदवजलवाह वगेरे. पद्य-१-संमोहधूलीहरणे समीरण अने पद्य-३ मायारेणूसमीरण, पद्य-४ परिमलालीढलोलालिमाला अने पद्य-१- सुरनरनिवा-हालिकुलसमालीढम् - समांतरे आस्वादी शकाय.

टूंकमां विजयशीलचंद्रसूरिजी संशोधित, संपादित आ कृति काव्यतत्त्वनी दृष्टिए पण उत्तम कक्षानी बनी रही छे.

## संदर्भग्रंथ


१. अनुसंधान , अंक-८, १९९७.
२. अलंकारकोश , सं. ब्रह्ममित्र अवस्थी , इन्दु प्रकाशन , दिल्ही, ई.स. १९८६.
३. काव्यालंकार - सं. रामदेव शुक्ल, चौखम्बा, विद्याभवन, वाराणसी, ई.स. १९६६.
४. सरस्वतीकंठाभरण - सं. केदारनाथ अने वासुदेव शास्त्री, निर्णयसागर, मुंबइ, ई.स. १९२४.
५. संसारदावानलस्तुति , श्री दयाविमल जैन ग्रंथमाला, अमदावाद. ई. स. १९१७.
६. साहित्यदर्पण - सं. पं. दुर्गाप्रसाद द्विवेदी, निर्णयसागर, मुंबइ, ई. स. १९०२.


★

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org